# સામાજિક વિજ્ઞાન

**તાલીમ પૂર્વેનું સાહિત્ય**

તાલીમમાં આવતાં પૂર્વે નીચે મુજબની તૈયારી સાથે આવીશું.

- સામાજિક વિજ્ઞાનના ધોરણ-૬થી ૮ના પ્રથમ સત્રના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરીને આવીશું.
- સામાજિક વિજ્ઞાનના ધોરણ-૬ થી ૮ના પ્રથમ સત્રની મહત્ત્વની સંકલ્પનાઓની યાદી સાથે લાવીશું.

- સામાજિક વિજ્ઞાન શિક્ષણની વિશિષ્ટ પદ્ધતિઓની યાદી સાથે લાવીશું.

- સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટેની પદ્ધતિઓમાંથી કયા એકમમાં કઈ પદ્ધતિ સૌથી વધારે ઉપયોગી છે ? શા માટે ? તેની ત્રણ એકમ સાથે તેની પદ્ધતિ લખી લાવીશું.

- સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં કયા એકમમાં કયો નકશો ઉપયોગી છે તેની યાદી સાથે લાવીશું.

- ઈતિહાસ જાણવાના સ્ત્રોતની યાદી બનાવી સાથે લાવીશું.

# આટલું તો સાથે લાવીશું જ

- સામાજિક વિજ્ઞાન ધો. ૬ થી ૮ના  પાઠ્યપુસ્તક
- સામાજિક વિજ્ઞાન ધો. ૬ થી ૮ની શિક્ષણ આવૃત્તિ
- સિક્કાઓ, ટપાલ કે અન્ય ઐતિહાસિક સ્ત્રોત જો શક્ય હોય તો
- પેન્સિલ, ઈરેઝર...

# हिन्दी

## कक्षा - ६ से ८

## प्रशिक्षण (Training) में आने से पहले शिक्षक पूर्वतैयारी के रूपमें कया करेंगे ?

- हिन्दी कक्षा - ६ से ८ तक के पाठ्यपुस्तक एवं शिक्षक संदर्शिका का अभ्यास कीजिए ।
- हिन्दी कक्षा - ६ से ८ में समाविष्ट मुख्य उद्देश्य एवं विशिष्ट उद्देश्य पढ़कर समझिए ।
- पाठ्य पुस्तक की किसी एक इकाई चुनकर उसका विकासक्रम क्या है, लिखिए ।
- शिक्षक संदर्शिका की किसी एक इकाई चुनकर उसका विकासक्रम क्या है, लिखिए ।
- हिन्दी कक्षा - ६ से ८ के बारे में आपको जिन मुद्दों के बारे में सवाल है, उन सवालों की सूची लिखिए ।

# તાલીમ પૂર્વેની તૈયારી

આપ આપની વ્યાવસાયિક સજ્જતા વધારવાના ભાગરૂપ શિક્ષક તાલીમમાં જોડાવાનાં છે. ત્યારે આપ કેટલીક પૂર્વ તૈયારી સાથે આવો એ અપેક્ષિત છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયની તાલીમમાં જોડાવા પહેલા આપ...

(1) શિક્ષક આવૃત્તિમાં દર્શાવેલ વિષયવસ્તુ સંલગ્ન બાળકમાં વિકસાવવાના ગુણોથી માહિતગાર થશો.

(2) ધોરણ - 9 અને ધોરણ - 10ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરી લેશો.

(3) વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષય અનુરૂપ તમારી પાસે કોઈ સંદર્ભ સાહિત્ય હોય તો તે તાલીમમાં સાથે લઈ આવશો.

(4) વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયમાં સમાવિષ્ટ વિષયવસ્તુ સંદર્ભે કોઈ એનીમેશન કે વિડિયો હોય કે એનિમેશન કે વિડિયો સમાવતી વેબસાઈટથી તમે માહિતગાર હોય તો તેની નોંધ પણ લેતા આવશો.

(5) વિષયવસ્તુની રજુઆત દરમિયાન વર્ગખંડમાં તમે અનુભવેલી સમસ્યાની વિગત પણ તમે લેતા આવશો.

(6) વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયમાં સમાવિષ્ટ વિષયવસ્તુની રજુઆત માટે તમે કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તો તેની વિગતો પણ લેતા આવશો.

(7) વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પાઠ્યપુસ્તકો તાલીમ વખતે સાથે લઈ જવા.

# પૂર્વ તૈયારી માટેના પ્રશ્નો

## ધો. ૬ ગુજરાતી

### પ્રથમ સત્ર

(૧) પા. પુસ્તક આધારે કેવા કેવા ''પ્રોજેક્ટ કાર્ય'' થઈ શકે ?

(૨) પા. પુસ્તકમાં સ્થિત પ્રેરણાત્મક કાવ્યો કયા કયા છે ?

(૩) વિકટ પરિસ્થિતિમાંથી ચતુરાઈપૂર્વક કેવી રીતે બહાર નીકળી જવું એ વાત કયા એકમથી ફલિત થાય છે ?

(૪) પા. પુસ્તકમાં ''મૂલ્ય શિક્ષણ'' થઈ શકે એવા કયા કયા એકમોનો સમાવેશ થયો છે.

(૫) સમાજ સેવાનું કયું ઉત્કૃષ્ઠ ચરિત્ર ચિત્રણ પા. પુસ્તકમાં આલેખાયું છે ?

•

# ધો. ૭ ગુજરાતી

## પ્રથમ સત્ર

૧. મેળામાં એકમમાં/ચિત્રપાઠ દ્વારા વિદ્યાર્થીઓમાં કયા ગુણોનું સિંચન થશે.

૨. 'આજની ઘડી રળિયામણી' લોકગીતમાં વિદ્યાર્થીઓમાં કયા મૂલ્યનો વિકાસ થાય છે ?

૩. ઉચ્ચારણ સંદર્ભે ભાષાસજ્જતામાં કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ?

૪. મુખવાચન અને મૂકવાચન માટે તમે કઈ પ્રવૃત્તિઓ કરાવી શકો ?

૫. કહેવતો અને રૂઢિપ્રયોગોમાં બાળકો વધુ રસ લે તે માટે વિશેષ શું કરી શકાય.

૬. 'બે ખાનાંનો પરિગ્રહ' પાઠમાં ગાંધીજી કયો સંદેશ આપે છે ?

૭. રાનમાં કાવ્યમાં પ્રકૃતિના કયા તત્ત્વો આપણું જીવન છે ? તે વિદ્યાર્થીઓને કઈ રીતે સમજાવી શકાય ?

૮. વિરામચિહ્નો માટે શિક્ષક કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવી શકે ?

૯. 'ભીખુ' વાર્તા દ્વારા ભાષાના કયા કૌશલનો વિકાસ થઈ શકે છે ?

૧૦. ગુણવાચક વિશેષણ સમજાવવા તમે કઈ પ્રવૃત્તિઓ કરાવી શકો ?

•

# ધો. ૮ ગુજરાતી

**પ્રથમ સત્ર**

(૧) ભાષાકર્મની દષ્ટિએ પાઠ્યપુસ્તકનો કયો એકમ તમારી દષ્ટિએ સર્વશ્રેષ્ઠ છે ?

(૨) તમારે વ્યાકરણનો વિષય શીખવવાનો છે તો કયા એકમને પસંદ કરશો ?

(૩) પાઠ્યપુસ્તકમાંથી કાવ્યકલાની દષ્ટિએ સુંદર કાવ્ય કયું છે ?

(૪) પાઠ્યપુસ્તકમાં પાત્રની ઉદારતા કયા - કયા એકમમાં પ્રદર્શિત થયેલી છે ?

•